ન્યાય ક્ષેત્ર રાજકોટ રહેશે

PRGI No. :- GJGUJ/25/A2484

આપણી ભુમિ... આપણુ સ્વાભિમાન...

# સૌરાષ્ટ્ર ફર્સ્ટ

SAURASHTRA FIRST (Weekly) સાપ્તાહિક પેપર

Owner, Editor, Publisher and Printer : Parmar Maheshbhai Tulsibhai Mo. 9824241496 • Subeditor : Elias Della • E-mail : info.saurashtrafirstnews@gmail.com

Year : 1 • Issue : 01 • Date :- 23-09-2025 Tuesday • Price Rs. 2 • Place Of Publication :- Block No. 8 Quarter No. 582, 150 Feet Road, Rmc Aawas Yojana Quarters, Nana Mawa Chokadi, Rajkot, Gujarat - 360004.

વર્ષઃ ૧ ● અંકઃ ૦૧ ● સળંગ અંકઃ ૦૧ ● પાના - ૪ ● તા. ૨૩-૦૯-૨૦૨૫ મંગળવાર ● કિંમત રૂા. ૨. ● રજી. ઓફિસઃ- બ્લોક નંબર ૮ ક્વાર્ટર નંબર ૫૮૨, ૧૫૦ ફીટ રોડ, આરએમસી આવાસ યોજના ક્વાર્ટર્સ, નાના મવા ચોકડી, રાજકોટ, ગુજરાત - ૩૬૦૦૦૪.

# માં દુર્ગા ગરબી મંડળ આયોજિત રેલનગર સંયોજક સૌરાષ્ટ્ર ફર્સ્ટ ન્યુઝ















II જય માતાજી II માં દુર્ગામાં નવરાત્રી મહોત્સવ રેલનગર ગરબી મંડળ માં ની મમતા અને તમારૂ સપનું, એક સાથે ઉજવાશે. આપણાં રેલનગરના તમામ લોકોના સાથ-સહકારથી આયોજન એટલે ભક્તિમયનું ભકિતધામ નવરાત્રી મહોત્સવની ઉજવણી ચાલુ છે...પણ તમે નહી હોય ત્યાં સુધી તહેવાર અધુરો જ રહેશે... જાહેરાત માટે આજે જ સંપર્ક કરો... વિવેક એવન્યુ ૮૦ ફૂટ મેઈન રોડ, દિવાળીબેન સગપરીયા ચોક પાસે, સાધુ વાસવાણીકુંજ મેઈન રોડ, પેટ્રોલ પંપની બાજુમાં, રેલનગર, રાજકોટ. મુકેશભાઈ - મો.૯૪૨૬૬ ૬૯૬૯૯ આયોજક મુકેશ બાથવર * રાજુભાઈ સોલંકી મહેશ ભાઈ પરમાર પહેલીવાર વર્ષ રેલનગરમા માં દુર્ગા ગરબી મંડળ નું આયોજન કરવામાં આવ્યું છે બાળવોને ટ્રેનિંગ આપવામાં હેતલ બેન મોટવાણી હિરેલ બેન ડાંગર પરમાર હેતલ બા, શિવાજીનું હાલેરું મોગલરાશ, ભુવારસ, ખોડિયાર રાસ,મહાકાળી તાંડવ, રાધાકૃષ્ણ રાસ, મણિયારો રાસ, ખુબ સરસ ટર્નીંગ કરાવી ને બાળવોને તૈયાર કરી છે તો અપશવ આ રાસ જોવા માટે પધારવા વિનંતી કરે છે, સહયોગ ન્યૂ ઓમ આશિષ મંડપ સર્વિસ, વિપુલભાઈ ચાવડા

નવરાત્રિ પર મોદી સરકારની મોટી જાહેરાત

## ૨૫ લાખ લોકોને મળશે ફ્રી એલપીજી કનેક્શન




નવી દિલ્હી,

કેન્દ્ર સરકારે નવરાત્રિ દરમિયાન પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ ૨૫ લાખ ફ્રી એલપીજી કનેક્શન આપશે. આ સાથે દેશભરમાં ઉજ્જવલા લાભાર્થીઓની કુલ સંખ્યા વધી ૧૦.૬ કરોડ થઈ જશે. પેટ્રોલિયમ તથા પ્રાકૃતિક ગેસ મંત્રી હરદીપ પુરૂએ સોમવારે કહ્યુ કે સરકાર દરેક કનેક્શન પર ૨૦૫૦ રૂપિયા ખર્ચ કરશે, જેમાં એક ફ્રી એલજીપી સિલિન્ડર, સ્ટવ અને રેગ્યુલેટર તથા અન્ય સંબંધિત ઉપકરણ સામેલ હશે. તેને મહિલાઓ માટે નવરાત્રિની ભેટ ગણાવતા પુરીએ કહ્યુ કે ઉજ્જવલાનો વિસ્તાર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની નારી શક્તિ પ્રત્યે સન્માનની પ્રતિબદ્ધતા દર્શાવે છે. તેમણે એક્સ પર લખ્યુ, પ્રધાનમંત્રી મોદી દેવી દુર્ગાની જેમ મહિલાઓનું સન્માન કરે છે. આ નિર્ણય માતાઓ અને બહેનોના સન્માન અને સશક્તિકરમના અમારા સંકલ્પને વધુ મજબૂત કરે છે. મંત્રીએ આ યોજનાની પ્રશંસા સશક્તિકરણના પ્રતીક અને પરિવર્તનના સ્ત્રોતના રૂપમાં પણ કરી. કેન્દ્રીય મંત્રી હરદીપ પુરીએ કહ્યું છે કે GST સુધારાઓથી લોકોમાં ખુશીની લહેર ફેલાઈ છે અને દેશના કુલ ઘરેલુ ઉત્પાદન (GDP) માં ૦.૮ ટકાનો વધારો થઈ શકે છે. નવા GST સુધારાઓ સોમવારથી અમલમાં આવ્યા. મંત્રીએ કહ્યું કે વિકસિત ભારત તરફનો દેશનો માર્ગ આત્મનિર્ભરતા દ્વારા છે. પુરીએ કહ્યું કે GST સુધારાઓથી તમામ વર્ગો, ખાસ કરીને નીચલા મધ્યમ વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગોને ફાયદો થશે, કારણ કે વિવિધ ગ્રાહક ચીજવસ્તુઓ પર GST દર ઘટાડવામાં આવ્યા છે.

પાયલટનો વાંક કાઢવો કમનસીબી : સુપ્રીમ કોર્ટ

## અમદાવાદ પ્લેન ક્રેશમાં તપાસની નિષ્પક્ષતા પર હવે સુપ્રીમ કોર્ટની નજર

નવી દિલ્હી,

અમદાવાદમાં એર ઈન્ડિયા પ્લેન ક્રેશ પર સુપ્રીમ કોર્ટે કડક ટિપ્પણી કરી છે. દુર્ઘટનાના પ્રાથમિક રિપોર્ટમાં પાયલટના ઈંધણ કટ-ઓફનો ઉલ્લેખ કરતા સુપ્રીમ કોર્ટે અતિ દુર્ભાગ્યપૂર્ણ કહ્યું છે. એક રિપોર્ટમાં પાયલટ દ્વારા એન્જિનનું ફ્યુલ બંધ કરવાનો દાવો કરવામાં આવ્યો હતો, જેના પર સુપ્રીમ કોર્ટે આ ટિપ્પણી કરી છે, સાથે મામલાની સ્વતંત્ર તપાસની માંગ કરી છે.કોર્ટે 'AI 171 ક્રેશ' મામલામાં સુપ્રીમ કોર્ટે પાયલટની ભૂલ વાળી વાતને દુર્ભાગ્યપૂર્ણ ગણાવતા કેન્દ્ર સરકાર અને ડીજીસીએને આ ઘટનાની સ્વતંત્ર તપાસની માંગ કરનારી અરજી પર જવાબ માંગ્યો છે.

જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ એન. કોટિસ્વર સિંહની બેંચએ કહ્યુ કે નિષ્પક્ષ તપાસની માંગ યોગ્ય છે, પરંતુ તપાસ પૂર્ણ થાય તે પહેલા બધી જાણકારી જાહેર કરવામાં સમસ્યા થઈ શકે છે. જો સીધી રીતે કહેવામાં આવે કે પાયલટ દોષી છે તો તેના પરિવારને ભારે નુકસાન થશે.

આ સિવાય સુપ્રીમ કોર્ટે એરક્રાફ્ટ અકસ્માત તપાસ બ્યુરો પાસે પણ જવાબ માંગ્યો છે. આ બ્યુરોએ જુલાઈમાં પોતાનો શરૂઆતી રિપોર્ટ જાહેર કર્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે દુર્ઘટનામાં ૨૫૦થી વધુ લોકોના મોત થયા છે. રિપોર્ટ પ્રમાણે કોકપિટ ઓડિયો રેકોર્ડિંગમાં કેપ્ટન સુમીત સભરવાલ અને ફર્સ્ટ ઓફિસર ક્લાઈવ કુંદરની વાતચીત સાંભળવા મળી હતી. તેમાં એક પાયલટે પૂછ્યુ તમે કટ ઓફ કેમ કર્યું? તો બીજાએ જવાબ આપ્યો, મેં નથી કર્યું. આ વાતચીતના આધાર પર તે અટકળો લગાવવામાં આવી કે દુર્ઘટના પાયલટની ભૂલને કારણે થઈ હતી.

એવિએશન સેફ્ટી સાથે જોડાયેલા NGO સેફ્ટી મેટર્સ ફાઉન્ડેશને સુપ્રીમ કોર્ટમાં જનહિત અરજી (PIL) દાખલ કરી હતી. તેનો આરોપ છે કે એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનાના પ્રાથમિક રિપોર્ટમાં ઘણી મહત્વની જાણકારી છુપાવી રહ્યું છે અને તેનાથી લોકોના જીવન, સમાનતા અને સાચી જાણકારી મેળવવાના અધિકારનું ઉલ્લંઘન થાય છે. આ સિવાય તે પણ કહેવામાં આવ્યું કે રિપોર્ટની અંદર સિસ્ટમની ખામીઓને નજરઅંદાજ કરવામાં આવી છે. એનજીઓએ કહ્યું કે ઉતાવળમાં પાયલટને દોષી ઠેરવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. અરજીકર્તા તરફથી વકીલ પ્રશાંત ભૂષણે કોર્ટમાં કહ્યુ કે દુર્ઘટનાને ૧૦૦ દિવસ કરતા વધુ સમય થઈ ગયો છે, પરંતુ હજુ સુધી માત્ર પ્રાથમિક રિપોર્ટ આવ્યો છે. તેમાં તે ન જણાવવામાં આવ્યું કે હકીકતમાં શું થયું અને આગળ શું સાવચેતી રાખવી જોઈએ. વકીલે તે પણ કહ્યુ કે દુર્ઘટનાની તપાસ માટે બનેલી ૫ સભ્યોની ટીમમાં ૩ લોકો ડ્ઢય્ઝછ (એવિએશન રેગુલેટર) ના જ કર્મચારી છે, એટલે કે જે સંગઠન પર સવાલ ઉઠી રહ્યાં છેત તે તપાસ કરી રહ્યાં છે. આ સ્પષ્ટ રીતે હિતોનો ટકરાવ છે.




ગુજરાત સહિત નવ રાજ્યોએ પેન્શન કરતાં વધુ ખર્ચ વ્યાજ ચૂકવણામાં કર્યો

## રાજ્યોએ ૧૦ વર્ષમાં પેન્શન, પગાર, વ્યાજ પાછળ ૨.૫ ગણા વધુ ખર્ચ્યા

નવી દિલ્હી,

રાજ્યોના ફાઈનાન્સ અંગે કેગનો રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે. આ રિપોર્ટ મુજબ, પગાર, પેન્શન અને વ્યાજ ચૂકવણા જેવા નિશ્ચિત ખર્ચમાં છેલ્લા 10 વર્ષ દરમિયાન 2.5 ગણો વધારો થયો છે. નાણાકીય વર્ષ 2013-14માં નિશ્ચિત ખર્ચની રકમ રૂ. 6,26,849 કરોડ હતી, જે 2022-23માં વધીને રૂ.15,63, 649 કરોડ થઈ હતી. રેવન્યુ ખર્ચમાં આવા સ્ટેટ ફાઈનાન્સ 2022-23 અંતર્ગત જાહેર થયેલા કેગના રિપોર્ટમાં જણાવાયા મુજબ, 2013-14થી 2022-2023ના 10 વર્ષ દરમિયાન કુલ ખર્ચમાં રાજ્યોના રેવન્યુ ખર્ચનું પ્રમાણ 80-87 ટકા હતું. સંયુક્ત GSDPમાં તેનું પ્રમાણ 13-15 ટકા રહ્યુ હતું.




નાણાકીય વર્ષ 2022-23માં કુલ ખર્ચમાં રેવન્યુ ખર્ચ 84.73 ટકા અને GSDPમાં 13.85 ટકા રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટ જનરલ ઓફ ઈન્ડિયા (CAG) દ્વારા સૌ પ્રથખમ વખત સ્ટેટ ફાઈનાન્સ અંગે રિપોર્ટ જાહેર કરાયો છે. નાણાકીય વર્ષ 2022-23માં કુલ રેવન્યુ ખર્ચ રૂ.35,95,736 કરોડ હતો અને તેમાં નિશ્ચિત ખર્ચનું પ્રમાણ રૂ.15,63, 649 કરોડ હતું. સબસિડી પેટે રૂ. 3,09,625 કરોડ અને ગ્રાન્ટ માટે રૂ.11,26,486 કરોડ ખર્ચાયા હતા. આ ત્રણેય પાસા હેઠળ રૂ. 29,99,760 કરોડ ખર્ચ થયો હતો, જે કુલ રેવન્યુ ખર્ચના 83 ટકા હતો. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ રેવન્યુ ખર્ચ રૂ.૩૫,૯૫,૭૩૬ કરોડ હતો અને તેમાં નિશ્ચિત ખર્ચનું પ્રમાણ રૂ.૧૫,૬૩,૬૪૯ કરોડ હતું ગ દ્વારા તાજેતરમાં જાહેર થયેલા રિપોર્ટમાં છેલ્લા 10 વર્ષ દરમિયાન 28 રાજ્યોની આર્થિક સ્થિતિનો ચિતાર આપવામાં આવ્યો છે. આ રિપોર્ટ મુજબ, વર્ષ 2013-14માં તમામ રાજ્યોનો પગાર-પેન્શન અને વ્યાજ ચૂકવણા જેવા નિશ્ચિત ખર્ચમાં રૂ. 6,26,849 કરોડ વપરાયા હતા.

## અરુણાચલમાં PM મોદીના હસ્તે ૫૧૦૦ કરોડના પ્રોજેક્ટના લોકાર્પણ



ઈટાનગર,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોમવારે ૫૧૦૦ કરોડ રૂપિયાની માળખાગત પ્રોજેક્ટ્સનું અનાવરણ કરવા અરુણાચલ પ્રદેશ પહોંચ્યા. તેમણે વર્ચ્યુઅલ માધ્યમથી શિયોમી જિલ્લામાં બે પ્રમુખ જળવિદ્યુત પરિયોજના અને તવાંગમાં એક કન્વેન્શન સેન્ટરની આધારશિલા મૂકી. આ દરમિયાન તેમણે કહ્યું કે, અરુણાચલની મારા આ યાત્રા વિશેષ બની ગઈ છે. નવરાત્રિના પહેલા દિવસે મને આટલા સુંદર પહાડ જોવા મળ્યા. આજે આવનારી પેઢીના જીએસટી સુધારા લાગુ થઈ ગયા છે. જીએસટી બચત ઉત્સવ શરુ થઈ ગયો છે. અરુણાચલને વીજળી, સ્વાસ્થ્ય, પર્યટન અને અનેક અન્ય વિસ્તારની પરિયોજના આપવામાં આવી છે. અરુણાચલમાં વડાપ્રધાન મોદીએ કહ્યું કે, જેમ તિરંગાનો પહેલો રંગ કેસરી છે, તેમ જ અરુણાચલનો પહેલો રંગ કેસરી છે. આ ભૂમિ વીરતાની ભૂમિ છે. અહીં દરેક વ્યક્તિ સાહસ અને શાંતિનું પ્રતિક છે. જો કે, અરુણાચલ પ્રદેશ જ એ જગ્યા છે, જ્યાં સૂર્યની કિરણ સૌથી પહેલાં પડે છે. પરંતુ, તેજ વિકાસની કિરણ અહીં પહોંચવામાં અનેક દાયકા લાગી ગયા. તે સમયે દિલ્હીથી દેશ ચલાવનારા લોકો હંમેશા અરુણાચલને અવગણતા હતા. કોંગ્રેસ જેવી પાર્ટીને લાગતુ હતું કે, આટલા ઓછા લોકો છે અને લોકસભાની પણ ફક્ત બે બેઠક છે, તો અરુણાચલ પર ધ્યાન કેમ આપવું? કોંગ્રેસની આ માનસિકતાએ અરુણાચલ અને આખા પૂર્વોત્તરને ખૂબ નુકસાન પહોંચાડ્યું છે.

તંત્રી લેખ.....

# સાંળગપુરઃ હનુમાન દાદાનું પવિત્ર ધામ

સાંળગપુર, ગુજરાતના બોટાદ જિલ્લામાં આવેલું, ભારતના સૌથી પ્રખ્યાત અને પવિત્ર હનુમાન મંદિરોમાંનું એક છે. આ મંદિર કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર તરીકે પણ ઓળખાય છે, જ્યાં હનુમાનજીને કષ્ટોનો નાશ કરનાર દેવતા તરીકે પૂજવામાં આવે છે. આ મંદિર લાખો ભક્તોની આસ્થાનું કેન્દ્ર છે, અને દરરોજ હજારોની સંખ્યામાં ભક્તો અહીં દર્શન કરવા આવે છે.

મંદિરનો ઈતિહાસ

સાંળગપુર મંદિરનો ઈતિહાસ ઘણો પ્રાચીન અને રોચક છે. એવું મનાય છે કે આ મંદિરની સ્થાપના સ્વામિનારાયણ સંપ્રદાયના સંત ગોપાળાનંદ સ્વામીએ કરી હતી. તેમણે સ્વયં હનુમાનજીની મૂર્તિની સ્થાપના કરી હતી, અને ત્યારથી આ સ્થળ ભક્તો માટે આસ્થાનું કેન્દ્ર બની ગયું છે. આ મંદિરની કીર્તિ અને લોકપ્રિયતા સમયાંતરે વધતી રહી છે, અને આજે તે માત્ર ગુજરાતમાં જ નહીં, પરંતુ સમગ્ર ભારતમાં પ્રખ્યાત છે.

મંદિરની વિશેષતાઓ

★ કષ્ટભંજન દેવઃ આ મંદિરમાં હનુમાનજીને કષ્ટભંજન દેવ તરીકે પૂજવામાં આવે છે. ભક્તો માને છે કે અહીં દર્શન કરવાથી અને પ્રાર્થના કરવાથી શારીરિક અને માનસિક કષ્ટો દૂર થાય છે. શનિવાર અને મંગળવારના દિવસોમાં અહીં ભક્તોની ભારે ભીડ જોવા મળે છે.

★ ભવ્ય પ્રતિમાઃ મંદિરમાં હનુમાનજીની ભવ્ય અને આકર્ષક મૂર્તિ સ્થાપિત છે, જે કલાકારી અને શ્રદ્ધાનું પ્રતીક છે. આ પ્રતિમાને જોતા જ ભક્તોમાં એક અનોખી શાંતિ અને શ્રદ્ધાનો અનુભવ થાય છે.

★ નવનિર્માણ અને વિકાસઃ તાજેતરના વર્ષોમાં મંદિર પરિસરનું મોટા પાયે નવનિર્માણ અને વિકાસ કરવામાં આવ્યો છે. અહીં ભોજનાલય, રહેવાની સુવિધા, અને અન્ય સેવાઓ પણ ઉપલબ્ધ છે, જેથી ભક્તોને કોઈ તકલીફ ન પડે.

★ આકર્ષણનું કેન્દ્રઃ કિંગ ઑફ સાળંગપુરઃ સાંળગપુર મંદિરમાં હનુમાનજીની વિરાટ પ્રતિમા "કિંગ ઑફ સાળંગપુર" પ્રસ્થાપિત કરવામાં આવી છે. આ પ્રતિમાની ઊંચાઈ ૫૪ ફૂટ છે અને તે એક જ પથ્થરમાંથી કોતરીને બનાવવામાં આવી છે. આ પ્રતિમા અત્યારે ભક્તો માટે એક મોટું આકર્ષણનું કેન્દ્ર બની ગઈ છે.

ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્વ

સાંળગપુર મંદિર માત્ર એક ધાર્મિક સ્થળ નથી, પરંતુ એક સાંસ્કૃતિક કેન્દ્ર પણ છે. અહીં વિવિધ ધાર્મિક ઉત્સવો અને કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે, જેમાં હનુમાન જયંતિનો ઉત્સવ મુખ્ય છે. આ ઉત્સવોમાં ભાગ લેવા માટે દેશભરમાંથી ભક્તો આવે છે. આ મંદિર ભક્તો માટે શ્રદ્ધા, શાંતિ, અને આસ્થાનું પ્રતીક છે. સાંળગપુરની મુલાકાત લેવાથી હનુમાનજીની કૃપા અને આશીર્વાદનો અનુભવ થાય છે. જો તમે સાંળગપુરની મુલાકાત લીધી હોય, તો તમારો અનુભવ કેવો રહ્યો?

ફ્રાન્સમાં ઉકળતા ચરુ જેવી સ્થિતિ

# ફ્રાન્સ પછી કેનેડા, બ્રિટન અને ઓસી.એ અલગ પેલેસ્ટેનિયન દેશને માન્યતા આપી




ટોરોન્ટો,

અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા વિરોધ છતાં કેટલાક પશ્ચિમી દેશોએ રવિવારે અલગ પેલેસ્ટેનિયન રાજ્યને માન્યાતા આપી છે. ફ્રાન્સ પછી યુકે, ઓસ્ટ્રેલિયા અને કેનેડાએ ઔપચારિક રીતે પેલેસ્ટાઈનને અલગ દેશ તરીકે માન્યતા આપી હોવાનું જણાવ્યું હતું. ઈઝરાયેલ અને ગાઝા વચ્ચે શાંતિ સ્થાપવાના પ્રયાસો નિષ્ફળ જતા અલગ પેલેસ્ટેનિયન દેશની માગ વધુ પ્રબળ બની હતી. ઈઝરાયેલ દ્વારા ગાઝા પર સતત હુમલા ચાલુ રખાયા છે અને તેની વૈશ્વિક સ્તરે નિંદા પણ થઈ રહી છે. બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટાર્મર વિરુદ્ધ તેમના જ પક્ષ લેબર પાર્ટીનું ઈઝરાયેલ સામે આકરા પગલાં લેવા દબાણ વધી રહ્યું છે. સ્ટાર્મરે જણાવ્યું કે, આ પગલું પેલેસ્ટેનિયન અને ઈઝરાયેલી લોકો વચ્ચે શાંતિના હેતુથી લેવાયું છે, જો કે હમાસે આમાં હરખાવા જેવું કંઈ જ નથી. કેનેડાએ પણ રવિવારે સાંજે પેલેસ્ટાઈનને અલગ દેશ તરીકે માન્યતા આપી હતી. વડાપ્રધાન માર્ક કાર્નીએ એક્સ પોસ્ટમાં જણાવ્યું કે, કેનેડા પેલેસ્ટેનિયન રાજ્યને માન્યતા આપે છે. બ્રિટન અને ઓસ્ટ્રેલિયા પણ આ માટે સહમત છે. પશ્ચિમી દેશો દ્વારા ગાઝામાં ચાલી રહેલા યુદ્ધ અંગે નિરાશા વ્યક્ત કરાઈ રહી છે ત્યારે કાર્નીએ જણાવ્યું કે જુલાઈમાં જ તેઓએ આ માગણીનો ઉલ્લેખ કર્યો હતો. મહત્વની બાબત એ છે કે આગામી સપ્તાહે યોજાનારી સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભા (યુએન જનરલ એસેમ્બલી) અગાઉ આ જાહેરાત કરવામાં આવી છે જે સુચક છે. યુકે, ઓસ્ટ્રેલિયા અને કેનેડા દ્વારા આ ઔપાચરિક નિર્ણયથી ઈઝરાયેલ અને અમેરિકા રોષે ભરાયા છે. તેમના મતે પશ્ચિમી દેશોના આ નિર્ણયથી હમાસના આતંકવાદીઓને પ્રોત્સાહન મળશે.યુએનની સામાન્ય સભા અગાઉ પશ્ચિમી દેશોએ વિવાદનો મધપૂડો છેડતાં યુએસ અને ઈઝરાયેલ અકળાયા યુએન મહાસભામાં યુએસ સાથે પશ્ચિમી દેશો વચ્ચે તનાવ વધવાની સંભાવના છે. કેનેડાને ચીમકી આપતા અગાઉ યુએસ પ્રમુખ ટ્રમ્પે જણાવ્યું હતું કે, જો પેલેસ્ટાઈનને અલગ દેશ તરીકે તે માન્યતા આપશે તો તેને અમેરિકા સાથે વેપાર કરાર કરવામાં મુશ્કેલી પડી શકે છે. ફ્રાન્સમાં ઉકળતા ચરુ જેવી સ્થિતિ વચ્ચે રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોંએ સૌપ્રથમ અલગ પેલેસ્ટેનિયન દેશની માગને વાચા આપી હતી.

ઈઝરાયેલનો હમાસના સ્નાઈપરને ઠાર કરાયાનો દાવો

# ગાઝા પર ઈઝરાયેલના હુમલામાં બાળકો સહિત ૪૦ વ્યક્તિનાં મોત



કૈરો,

દુનિયાભરના કેટલાક દેશો અલગ પેલેસ્ટેનિયન રાજ્યની માગ કરી રહ્યા છે ત્યારે ઈઝરાયેલ દ્વારા ગાઝામાં વધુ એક વખત પ્રચંડ હુમલો કરવામાં આવ્યો છે. ઈઝરાયેલે ગત રાત્રે ગાઝા શહેર પર કરેલા હુમલામાં બાળકો સહિત ૪૦ લોકોના મોત થયા હતા. ઈઝરાયેલે છેલ્લા થોડા સમયથી ગાઝાનો સફાયો બોલાવવા જમીની હુમલાઓ આક્રમક બનાવ્યા છે.શિફા હોસ્પિટલના આરોગ્ય અધિકારીઓના જણાવ્યા મુજબ, શનિવારે રાત્રે ઈઝરાયેલે શહેરના દક્ષિણમાં એક રહેણાક મકાન પર કરેલા હુમલામાં ૧૪ લોકોના મોત થયા હતા. હોસ્પિટલમાં કામ કરતા એક કર્મચારી, તેની પત્ની અને ત્રણ બાળકોનો પણ મૃતકોમાં સમાવેશ થયો હતો. ઈઝરાયેલ આ હુમલા અંગે કોઈ ટિપ્પણી કરી નહતી. ઈઝરાયેલ તેના બંધકોને મુક્ત કરાવવા માટે હમાસ પર હુમલાઓ વધારી રહ્યું હોવાનું જણાય છે.ઈઝરાયેલના હુમલાને પગલે ગાઝા સાથે સીઝફાયરની સંભાવના ધૂંધળી જણાઈ રહી છે.ઈઝરાયેલે છેલ્લા થોડા સમયથી ગાઝાનો સફાયો બોલાવવા જમીની હુમલાઓ આક્રમક બનાવ્યા છે સોમવારે સંયુક્ત રાષ્ટ્રની સાધારણ સભા યોજાઈ રહી છે તે અગાઉ પશ્ચિમી દેશો અલગ પેલેસ્ટેનિયન રાજ્યની માન્યતા માટે તૈયારી કરી રહ્યા છે. યુકે, ળાન્સ, કેનેડા, માલ્ટા, બેલ્જિયમ અને લકઝ્મબર્ગ તેમાં સામેલ છે. ઈઝરાયેલ શનિવારના હુમલામાં હમાસના સ્નાઈપર માજીદ અબુ સેલ્મિયાને ઠાર કર્યો હોવાનો દાવો કર્યો હતો. માજીદ ગાઝાની સિફો હોસ્પિટલના ડાયરેક્ટર ડો. મોહમ્મદ અબુ સેલ્મિયાનો ભાઈ હતો. ડો. મોહમ્મદે ઈઝરાયેલના આ આક્ષેપોને જૂઠા ગણાવ્યા હતા. તેમના મતે માજીદને તીવ્ર તનાવ, ડાયાબીટીઝ સહિત અન્ય બીમારી હતી. ગાઝામાંથી લોકોને વિસ્થાપિત થવાની ફરજ પાડવામાં આવી રહી છે અને લાખો લોકોને શહેરના દક્ષિણ ભાગમાં માનવતાવાદી ક્ષેત્રમાં જવા જણાવાઈ રહ્યું છે. ગાઝાના સ્થાનિકોના બળપૂર્વક પલાયનની પોપ લીઓ ચૌદમાંએ ટીકા કરી હતી અને શાંતિ માટે અપીલ કરી હતી.

# એશિયા કપમાં પાકિસ્તાન સામે ભારતનો સળંગ બીજો વિજય

દુબઈ,

ઓપનર અભિષેક શર્માએ આક્રમક બેટિંગ કરીને માત્ર ૨૪ બોલમાં અડધી સદી બાદ ૭૪ રન ફટકારતાં ભારતે રવિવારે રમાયેલી એશિયા કપ ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની સુપર-૪ રાઉન્ડની મેચમાં પાકિસ્તાન સામે છ વિકેટે આસાન વિજય હાંસલ કર્યો હતો. આમ વર્તમાન ટુર્નામેન્ટમાં પાકિસ્તાન સામે ભારતનો આ સળંગ બીજો વિજય હતો.અહીં રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતાં પાકિસ્તાને ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૧૭૧ રન ફટકાર્યા હતા જેના જવાબમાં ભારતે ૧૮.૫ ઓવરમાં ચાર વિકેટ ગુમાવીને ટારગેટ વટાવી દીધો હતો. તિલક વર્મા ૧૯ બોલમાં ૩૦ રન ફટકારીને અણનમ રહ્યો હતો.ભારત માટે અભિષેક શર્મા અને શુભમન ગિલે પહેલી વિકેટ માટે સદીની ભાગીદારી નોંધાવી હતી. ૨૦૨૫ના એશિયા કપમાં કોઈ પણ વિકેટ અને કોઈ પણ ટીમ માટે આ પહેલી વાર સદીની ભાગીદારી જોવા મળી હતી. તેમાં ય અભિષેક શર્મા આક્રમક રહ્યો હતો. તેણે માત્ર ૨૪ બોલમાં અડધી સદી પૂરી કરી હતી. પાકિસ્તાન સામેની ટી૨૦માં ભારત તરફથી આ સૌથી ઝડપી અડધી સદી હતી. અગાઉ યુવરાજસિંઘે ડિસેમ્બર ૨૦૧૨માં અમદાવાદ ખાતે ૨૯ બોલમાં ૫૦ રન પૂરા કર્યા હતા.અભિષેક સાથે દસ ઓવરમાં ૧૦૫ રન ઉમેર્યા બાદ શુભમન ગિલ ૨૮ બોલમાં આઠ ચોગ્ગા સાથે ૪૭ રન ફટકારીને આઉટ થયો હતો. ગિલની વિકેટ પડ્યા બાદ ભારતે ઉપરા ઉપરી બે વિકેટ ગુમાવી દીધી હતી. કેપ્ટન સૂર્યકુમાર યાદવ આ મેચમાં ખાતું પણ ખોલાવી શક્યો ન હતો અને માત્ર ત્રણ રમીને હેરિસ રઉફના બોલે આઉટ થઈ ગયો હતો. આ બંને વિકેટ બાદ અભિષેક શર્મા પણ લાંબું ટકી શક્યો ન હતો. તેણે ૩૯ બોલમાં પાંચ સિક્સર અને છ ચોગ્ગા સાથે ૭૪ રન ફટકાર્યા હતા. ભારતે અંતે ટારગેટ તો વટાવી દીધો હતો પરંતુ તે દરમિયાન સંજુ સેમસનની વિકેટ પણ ગુમાવી દીધી હતી.

# ધોળેશ્વર સાબરમતી નદીમાં નાહવા પડેલા મિત્રો પૈકી એકનું ડૂબી જતા મોત

ગાંધીનગર,

ગાંધીનગર શહેર નજીક ધોળેશ્વર પાસે પસાર થતી



સાબરમતી નદીમાં અમદાવાદથી આઠેક જેટલા મિત્રો નદીમાં નાહવા માટે પડયા હતા. જે પૈકી એક યુવાનનું નદીના ઊંડા પાણીમાં ડૂબી જવાને કારણે મોત થયું છે. અહીં પ્રતિબંધ હોવા છતાં નદીમાં નાહવાની પ્રવૃત્તિ વધી હોવાથી જાહેરનામું કાગળ ઉપર જ રહી ગયું હોવાનું લાગી રહ્યું છે.ગાંધીનગર જિલ્લામાંથી પસાર થતી સાબરમતી નદીમાં ઊંડા ખાડા છે અને આ સ્થિતિમાં વરસાદી પાણી આવ્યા બાદ હવે આ ખાડાઓમાં પાણી ભરાઈ રહ્યા છે. જેથી જિલ્લામાં નદી અને તળાવમાં નહીં આવવા માટે વહીવટી તંત્ર દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે પરંતુ તેનું પાલન થતું નથી. આજે મોટી સંખ્યામાં લોકો ધોળેશ્વર પાસે સાબરમતી નદીમાં નાહવા માટે પડયા હતા તે દરમિયાન અમદાવાદના એક યુવાનનું મોત થયું હોવાનું બહાર આવ્યું છે. જે ઘટના સંદર્ભે પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે અમદાવાદ ઈન્કમટેક્સ ખાતે આવેલી પીજીમાં રહેતા ૮ જેટલા મિત્રો પિતૃ અમાવસ્યા નિમિત્તે ધોળેશ્વર મંદિરે દર્શન કરવા માટે આવ્યા હતા અને તેમણે જોયું તો નદીમાં મોટી સંખ્યામાં લોકો નાહવા માટે પડયા હતા. જેના પગલે આ યુવાનો પણ અહીં નદીના પાણીમાં નાહવા માટે ઉતર્યા હતા. જે પૈકી મૂળ મહારાષ્ટ્રનો યુવાન ગૌતમ શ્યામભાઈ દુરાંગ નદીના પાણીમાં ડૂબવા લાગ્યો હતો. જેના પગલે અન્ય મિત્રોએ બૂમાબૂમ કરી હતી અને તેનો મિત્ર કુલદીપ પ્રજાપતિ નદીમાં કૂદી પડયો હતો પરંતુ બંનેને બચાવવાનો પ્રયાસ કર્યો હતો જો કે કુલદીપને બહાર કાઢી લેવામાં આવ્યો હતો પરંતુ ગૌતમ પાણીમાં ડૂબી ગયો હતો. પિતૃ અમાવસ્યા નિમિત્તો અમદાવાદની પીજીમાં રહેતા મિત્રો મંદિરે દર્શન કરવા આવ્યા અને નાહવા ગયા હતા

# પાકિસ્તાની સેનાએ પોતાના દેશમાં જ કરી એરસ્ટ્રાઇક

ઈસ્લામાબાદ,

પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં, જ્યાં ગયા અઠવાડિયે વૈશ્વિક આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ માટે ભરતી અભિયાનના ભાગ રૂપે પાકિસ્તાની પોલીસના રક્ષણ હેઠળ એક મેળાવડો યોજાયો હતો, ત્યાં ગઈકાલે રાત્રે પાકિસ્તાની સેનાએ તે જ ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના લંડી કોટલ તહસીલના માત્રે દારા વિસ્તારમાં રહેણાંક વિસ્તાર પર હવાઈ હુમલો કર્યો, જેમાં અત્યાર સુધીમાં ૩૦ થી વધુ લોકો માર્યા ગયા. મૃતકોમાં ઘણા બાળકો અને મહિલાઓનો સમાવેશ થાય છે. ખૈબર પખ્તુનખ્વાના જે માત્રે દારા ગામમાં પાકિસ્તાની સેનાએ ઘરો પર હવાઈ હુમલા કર્યા હતા, તે તિરાહ ઘાટીમાં અફઘાનિસ્તાન સરહદ પાસે સ્થિત છે. દાવા પ્રમાણે પાકિસ્તાની સેનાએ તિરાહ ઘાટીમાં સ્થિત આ ગામમાં મોડી રાત્રે ૨ કલાકે JF-17 વિમાનથી ઓછામાં ઓછા 8 LS-6 બોમ્બ ફેંક્યા હતા અને આ હુમલો કથિત ઓપરેશનનો ભાગ ગણાવવામાં આવ્યો છે, જેના નામ પર પાકિસ્તાની સેના છેલ્લા ત્રણ સપ્તાહથી તહરીક-એ-તાલિબાન પાકિસ્તાનના કેમ્પો પર કાર્યવાહીનો દાવો કરી રહી છે. પરંતુ સત્ય એવું છે કે આતંકીઓની જગ્યાએ સતત સામાન્ય લોકો તેનો ભોગ બની જીવ ગુમાવી રહ્યાં છે. દાવો કરવામાં આવી રહ્યો છે કે પાકિસ્તાની સેનાએ પોતાના ચાઈનીઝ ફાઈટર જેટ JF-17 થંડરથી ઓછામાં ઓછા આઠ LS-6 બોમ્બ ફેંક્યા હતા. પાકિસ્તાની સેનાની આ કાર્યવાહીની સ્થાનિક ધારાસભ્ય ઈકબાલ અફરીદીએ નિંદા કરી છે. તેમણે ફેસબુક પર લખ્યું છે, "વાદી તિરાહ અકાખેલ પર થયેલા બોમ્બ વિસ્ફોટમાં નિર્દોષ બાળકો અને મહિલાઓ શહીદ થયા છે તે હૃદયદ્રાવક છે. આ અત્યાચાર માનવતા સામેનો સૌથી ગંભીર ગુનો છે, અને તેની જેટલી નિંદા કરીએ તેટલી ઓછી છે."







### બે કે વધુ ગુનામાં ઝડપાયેલા સુધરી જજો, નહિ તો...

# રાજકોટ પોલીસ વડાનું ગુનેગારોને અલ્ટીમેટમ

રાજકોટ,

રાજકોટ જિલ્લા પોલીસ વડાનું ગુનેગારોને અલ્ટિમેટમ આપ્યું છે. બે કે તેથી વધુ ગુનામાં ઝડપાયેલા અપરાધીઓને ચેતવણી આપવામાં આવી કે, હવે જો કોઈ ગુનાખોરી આચરી તો કડક કાર્યવાહી થશે. રાજકોટમાં ૪૦૦ જેટલા ગુનેગારોને જિલ્લા પોલીસ વડાએ સંબોધન કર્યુ હતું. ગોંડલના SRP ગ્રાઉન્ડ ખાતે કાર્યક્રમ યોજાયો હતો.




મહત્વનું છે કે, આજથી શારદીય નવરાત્રીનો શુભારંભ થઈ રહ્યો છે. ત્યારે રાજકોટ જિલ્લા પોલીસ એક્શનમાં આવી છે. સાથે જ ગુનાખોરી આચરતા લોકોનું એક લિસ્ટ બનાવી. જેમાં ગંભીર ગુનામાં સંડોવાયેલા ૪૦૦ જેટલા લોકોને જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરે ચેતવણી આપી અને કહ્યું છે કે, હવે જો કોઈ પ્રકારનો ગુનો આચરશે તો કડક કાર્યવાહી થશે. સાથે જ જિલ્લામાં યોજાનારા ગરબામાં પોલીસ ચાંપતી નજર રાખશે. મહિલા પોલીસ દળની સી ટીમને સીવીલ ડ્રેસમાં ડીપ્લોય કરવામાં આવશે. રાજકોટ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનમાં બે કે વધુ ગુનામાં ઝડપાયેલ ગુનેગારોને જિલ્લા પોલીસ વડાએ અલ્ટિમેટમ આપ્યું છે. રાજકોટ જિલ્લામાં પ્રથમ વખત ગુનેગારોને સુધારવા માટે જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરે અનોખો અભિગમ અપનાવ્યો છે. ગોંડલ એસ.આર.પી.ગ્રાઉન્ડ ખાતે જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરે ગુનેગારોને સંબોધીને સુધરી જવા ચેતવણી આપી.

તેઓએ દારૂ, જુગાર, ચોરી, લૂંટ, જેવા અનેક ગુનામાં બે કે વધુ વખત ઝડપાયેલા ૮૦૦ કરતા વધુ ગુનેગારોમાંથી પ્રથમ ૪૦૦ જેટલા ગુનેગારોને સંબોધન કર્યુ. તેમણે ગુનેગારોને કહ્યું કે, ગુનાખોરીને લઈને પોતાના સમાજ અને પરિવાર સહિતના લોકોની બરબાદી થાય છે. ગુનેગારો સુધરશે નહિ અને વધુ ગુનો કરશે તો તેમનુ હવે નીકળશે જાહેરમાં સરઘસ નીકળશે. સાથે જ જિલ્લાના દરેક પોલીસ સ્ટેશનના અધિકારીઓને પણ ગુનાખોરી સામે કડક પગલા ભરવાના જિલ્લા પોલીસ વડાએ આદેશ આપ્યા. જિલ્લામાં નવરાત્રિ પર્વે યોજાતા ૮૦૦ જેટલા શેરી ગરબા અને ૧૧જેટલા પ્રાઈવેટ ગરબામાં કડક બંદોબસ્ત વચ્ચે પોલીસની સી ટીમ કાર્યરત છે. એનડીપીએસ જેવા ગુનામાં પણ બાતમી આપનાર વ્યકિતને ઈનામ આપીને કડક કાર્યવાહી કરવામાં આવશે તેવું તેઓએ જણાવ્યું.

## ‘સારી સ્ક્રિપ્ટ મળશે પછી જ ફિલ્મ બનાવીશ’: પ્રિયદર્શન

મુંબઈ,

બોલિવૂડમાં કેટલીક ફિલ્મો એવી છે જે, વર્ષ ૨૦૦૦ માં આવેલી હેરાફેરી જેવી કલ્ટ ક્લાસિક બની હતી. આ ફિલ્મને પ્રિયદર્શન દ્વારા દિગ્દર્શિત કરવામાં આવી છે. તેમજ ફિલ્મમાં અક્ષય કુમાર, સુનીલ શેટ્ટી અને પરેશ રાવલ અભિનય કરે છે. આ ફિલ્મ ત્રણ મુશ્કેલીમાં મુકાયેલા વ્યકિતઓની જોરદાર સ્ટોરી છે, જે આકસ્મિક રીતે ખંડણીના કોલમાં ફસાઈ જાય છે. છેલ્લા વીસ વર્ષોમાં, મીમ્સ, આઈકોનિક સંવાદો અને વારંવાર ટીવી શોએ આ ફિલ્મને લોકપ્રિય બનાવી રાખી છે. હવે, હેરા ફેરી ૩ની ચર્ચાએ ફરી એકવાર ઈન્ટરનેટ પર ધમાલ મચાવી છે.એક ઈન્ટરવ્યૂમાં વાતચીત દરમિયાન દિગ્દર્શક પ્રિયદર્શને આ પ્રિય ફ્રેન્ચાઈઝની સિક્વલ બનાવવા અંગ તેમણે સ્પષ્ટપણે કહ્યું કે, જો સ્ટોરી પહેલી ફિલ્મ જેટલી જ મજબૂત અને મનોરંજક હશે તો જ તેઓ આગળ વધશે.તેમણે કહ્યું કે, સાચો પડકાર પાત્રોને ફરીથી શોધવાનો નથી, પરંતુ એવી સ્ટોરી શોધવાનો છે, જે અધિકૃત લાગે અને એટલી જ મનોરંજક હોય. તેમનું કહેવું છે કે, ‘જ્યાં સુધી મને ફિલ્મ માટે યોગ્ય સ્ટોરી નહીં મળે ત્યાં સુધી હું ત્રીજો ભાગ બનાવવાની કોશિશ નહીં કરું. જો સ્ક્રિપ્ટ મારા વિચાર પ્રમાણે સારી નહીં હોય, તો હું આ ફિલ્મ નહીં બનાવું. હું મારી કારકિર્દીના એવા તબક્કે પહોંચી ગયો છું, જ્યાં હું મોટી ભૂલ કરીને નીચે પડવા નથી માંગતો.’હેરાફેરી ફ્રેન્ચાઈઝનો ઈતિહાસ પણ રસપ્રદ છે. મલયાલમ ફિલ્મ રામજી રાવ સ્પીકિંગ (૧૯૮૯) થી પ્રેરિત પહેલી ફિલ્મ ખૂબ જ હિટ રહી હતી અને ભારતની સૌથી વધુ કમાણી કરનારી કોમેડી ફિલ્મોમાંની એક બની હતી. તેની સિક્વલ, ફિર હેરાફેરી (૨૦૦૬) નું દિગ્દર્શન સ્વર્ગસ્થ નીરજ વોરા દ્વારા કરવામાં આવ્યું હતું.

### મેકર્સને આપ્યો જવાબ

# ‘કલ્કી ૨’ માંથી બહાર થવા પર દીપિકા પાદુકોણે તોડી ચુપ્પી

મુંબઈ,

દીપિકા પાદુકોણને માતા બનવાની ભારે કિંમત ચૂકવવી પડી રહી છે. સંદીપ રેડ્ડી વાંગાની સ્પિરિટ પછી એક્ટ્રેસને કલ્કીની સિક્વલ ફિલ્મમાંથી બહાર કરી દેવામાં આવી છે. પ્રભાસ સ્ટારર ફિલ્મના મેકર્સે જાહેરાત કરી કે કલ્કી ૨ માટે ડેડિકેશન અને કમિટમેન્ટની જરૂર છે જે દીપિકા પાદુકોણ હાલમાં પૂરી કરી શકતી નથી જેના કારણે તેને ફિલ્મમાંથી બહાર કરી દેવામાં આવી છે. આ પછી દીપિકાએ પહેલી વાર ચુપ્પી તોડતા જાહેરાત કરી કે, તેના હાથમાં એક મોટી ફિલ્મ આવી છે. તે શાહરુખ ખાનની અપકમિંગ ફિલ્મ કિંગમાં લીડ રોલમાં નજરે પડશે.દીપિકા પાદુકોણે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને આની જાહેરાત આપી છે. તે શાહરુખ ખાન, સુહાના ખાનની મચ અવેઈટેડ ફિલ્મ કિંગનો ભાગ બનવાની છે. દીપિકા પોતાના ઈન્સ્ટાગ્રામ પોસ્ટ પર લખે છે, ‘લગભગ ૧૮ વર્ષ પહેલાં, ઓમ શાંતિ ઓમના શૂટિંગ



દીપિકા પાદકોણના હાથે લાગી મોટી ઓકર

દરમિયાન તેણે મને પહેલો પાઠ શીખવ્યો હતો કે ફિલ્મ બનાવવી, તે દરમિયાનનો અનુભવ અને તમે જે લોકો સાથે તે બનાવો છો - આ બધું તેની સફળતા કરતાં વધુ મહત્વનું છે. હું તેની સાથે સંપૂર્ણપણે સંમત છું અને તે જ પાઠને મેં અત્યાર સુધીના દરેક નિર્ણયમાં અપનાવ્યો છે. એક્ટ્રેસે ફિલ્મ સ્પિરિટ માટે ૮ કલાકની શિફ્ટની માંગ કરી હતી જેના કારણે તેને ફિલ્મમાંથી દૂર કરી દેવામાં આવી હતી અને કદાચ આ જ કારણ છે કે અમે હવે અમારી છઠ્ઠી ફિલ્મ સાથે બનાવી રહ્યા છીએ.’આ સાથે દીપિકા પાદુકોણે જાહેરાત કરી કે, તે શાહરુખ ખાનની કિંગમાં લીડ એક્ટ્રેસ હશે. આ પોસ્ટમાં તે કિંગ ખાનનો હાથ પકડીને નજરે પડે છે. આ કેપ્શનને તેણે જે ફોટો સાથે શેર કર્યો છે તેમાં બંને માત્ર એકબીજાનો હાથ પકડીને નજરે પડે છે. આ પ્રોજેક્ટ દીપિકાના કરિયરના આ પડાવ પર ખૂબ જ મહત્વ ધરાવે છે કારણ કે આ સમયે તે મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહી છે.માતા બન્યા પછી સંદીપ રેડ્ડી વાંગા સાથે દીપિકા પાદુકોણનો વિવાદ ખૂબ જ ચર્ચામાં હતો. એક્ટ્રેસે ફિલ્મ સ્પિરિટ માટે ૮ કલાકની શિફ્ટની માંગ કરી હતી જેના કારણે તેને ફિલ્મમાંથી દૂર કરી દેવામાં આવી. આ જ કારણે તેને કલ્કી ૨ માંથી પણ બહાર કરી દેવામાં આવી.દીપિકા પાદુકોણ પછી કિયારા આડવાણીને પણ માતૃત્વની કિંમત ચૂકવવી પડી રહી છે. એક્ટ્રેસને હાલમાં તેની ફિલ્મ શકિત શાલિનીમાંથી રિપ્લેસ કરવામાં આવી છે. ૨૨ વર્ષની એક્ટ્રેસ અનીત પડ્ડાને કિયારાની જગ્યાએ રિપ્લેસ કરવામાં આવી છે. આ ટ્રેન્ડે ફરી વિચારવા માટે મજબૂર કરી દીધું છે કે શું આજના સમયમાં પણ એક્ટ્રેસને માતૃત્વ અથવા કરિયરમાંથી કોઈ એક પસંદ કરવા માટે મજબૂર થવું પડશે. શું આટલા વર્ષોમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં જરા પણ બદલાવ આવ્યો નથી?

# અમદાવાદમાં ૮૦૦થી વધુ ફોરવ્હીલર અને ૨૦૦૦થી વધારે ટુ વ્હીલરનું વેચાણ

અમદાવાદ,

નવરાત્રિના પ્રારંભ સાથે લોકોને GSના ઘટાડાના અમલીકરણથી લોકોમાં રાહત થઈ છે. ખાસ કરીને ઓટો મોબાઈલમાં GST ઘટાડો થતા દિવાળી પહેલા દિવાળીનો માહોલ ઓટો ડીલરને ત્યાં જોવા મળ્યો. ટુ વ્હીલર અને ફોર વ્હીલર ખરીદી કરવા ગ્રાહકોનો ધસારો વધ્યો છે. નવરાત્રિના પ્રથમ દિવસે અમદાવાદ શહેરમાં ૮૦૦થી વધુ ફોરવ્હીલર અને ૨૦૦૦થી વધારે ટુ વ્હીલરનું વેચાણ થયું હોવાનું સામે આવ્યું છે.કેન્દ્ર સરકારની જીએસટી ઘટાડાની ભેટ ઓટો ઈન્ડસ્ટ્રીમાં નવું આશાનું કિરણ લઈને આવી છે. મા અંબેની આરાધના નું પર્વ નવરાત્રિનો આજથી પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે આજથી જીએસટી ઘટાડાનો લાભ પણ દેશવાસીઓને મળ્યો તેની સીધી અસર ઓટો મોબાઈલ ઈન્ડસ્ટ્રીમાં જોવા મળી હતી. સવારથી જ શહેરના વિવિધ શો રૂમમાં પોતાનું નવું વ્હીકલ ખરીદવા માટે ધસારો વધ્યો છે.સરકારે જે રીતે જીએસટીમાં ઘટાડો કર્યો છે તેનાથી ઓટોમોબાઈલ ઈન્ડસ્ટ્રીમાં દિવાળી પહેલા જ દિવાળી આવી છે. ટુ વ્હીલરમાં ૮૦૦૦ રૂપિયાથી લઈને ૧૫૦૦૦ રૂપિયા સુધીનો ઘટાડો જોવા મળ્યો છે તો બીજી તરફ ફોર વ્હીલરમાં પણ ૫૫ હજાર રૂપિયાથી લઈને અઢી લાખ રૂપિયા સુધીનો ફાયદો ગ્રાહકોને મળશે. જીએસટી ભાવ ઘટાડાને લઈને આજે નવરાત્રિના પ્રથમ દિવસે અમદાવાદ શહેરમાં ૮૦૦થી વધુ ફોરવીલર અને ૨૦૦૦થી વધારે ટુ વ્હીલરનું વેચાણ થયું છે. જ્યારે સમગ્ર રાજ્યમાં આજે અંદાજિત ૨૫૦૦ અને ૮૦૦૦ થી પણ વધારે ટુ-વ્હીલરનું વેચાણ થયું છે




પીવીસી ફર્નિચર
કિચન કબાટ, ટીવી યુનીટ, રૂમ ફર્નિચર,
બેડ-સોફા, સ્લાઇડર કબાટ, દુકાન ટેબલ,
સેફટી ડોર વગેરે...
રામ ફર્નિચર
એસ. એમ. સોઢા : 98240 57256
ગીરીરાજસિંહ જાડેજા : 91065 32972
કોપર ગ્રીન કોર્નર, શોપ નં.૫, ફાયર બ્રિગેડ અને પાણીનાં ટાંકા સામે, રેલનગર, રાજકોટ.

BHAVIK SIR : Mo.875 876 2512
VOLTEX
EDUCATION
KNOWLEDGE IS SUPREME POWER
ફ્રી ટ્રાયલ બેચની સુવિધા
અમારી સુવિધા ::
JEE/NEET
100%
A.C.
CCTV &
Weekly & Monthly Test
માતૃ મેરીગોલ્ડ હાઇટ્સ, ઓફીસ નં.૧૧૩, સાધુવાસવાણી કુંજ રોડ, રેલનગર, રાજકોટ.

Sam Khatri : Mo.90335 67803
Mo.6354504815
મીરેકલ શુઝ
VKC
Walkaroo
TRV SPORTS
Oofoam
FLITE
@miracle_shoes___
લેડીઝ - જેન્ટસ તથા ચિલ્ડ્રનવેર ની દરેક આઇટમ ફેન્સી
બ્રાન્ડેડ વસ્તુઓનો ખજાનો એક જ જગ્યાએ
શોપ નં.૧૫, ૮૦ ફુટ રોડ, રેલનગર મેઈન રોડ, ગુલમહોર પ્લાઝા, ભારત પેટ્રોલપંપ પાસે, રાજકોટ.

ચૌહાણ હેમંતભાઈ : Mo.9033118884
આરાધના વોચ
દરેક પ્રકારની કાંડા ઘડીયાળ, દિવાલ ઘડીયાળ, સ્માર્ટ વોચ
એલાર્મ, કેલ્કયુલેટર વેચનાર તથા રીપેરીંગ કરનાર
માં દુર્ગા કોમ્પ્લેક્ષ, શોપ નં.૧૬, સાધુ વાસવાણી કુંજ રોડ, પલ્સ હોસ્પિટલ પાસે, અમૃત ચોક, રેલનગર, રાજકોટ.

॥ શ્રી ગણેશાય નમઃ ॥
ગોકુલ પટેલ
Mo.95860 88261
મયુર પટેલ
Mo.99981 25042
ગોકુલ
ફોટો લેમીનેશન & ફ્રેમ
ફોટો લેમીનેશન - ફોટો ફ્રેમ
ફોમશીટ પ્રિન્ટીગ ફ્રેમ
સેન્ડવીચ ફોટોફ્રેમ
માઉંટીગ ફોટોફ્રેમ
હોલસેલ તથા રીટેલના વેપારી
રજપુતપરા મેઈન રોડ, ખોડીયાર ચેમ્બર,
ઓફીસ નં.૧/૪૬ નંબર

એકવાર ખાશો તો...
અમારા ગ્રાહક બની જાશો...
શ્રી બોમ્બે ચોપાટી
આઇસ્ક્રીમ
Ice Cream
બોમ્બે ચોપાટી આઇસ્ક્રીમ, શુભ સંગ્રામ કોમ્પ્લેક્ષ, રેલનગર, રાજકોટ.
દિનેશભાઇ : મો.86609 21381

7600 7800 22
7600 7800 44
Gokuliyu
Family Restaurant
ગોકુળીયુ
ફેમેલી રેસ્ટોરન્ટ
લોકેશન માટે સ્કેન કરો

સંજયભાઇ સોલંકી મો. 97777 76720
મહાદેવ ભેળ
વડાપાઉ, દાબેલી,
ભેળ, બ્રેડ કટકા,
દહીંપુરી, સેવપુરી
મસાલા સેન્ડવીચ
ચીઝ સેન્ડવીચ
મહાદેવ ફેમિલી રેસ્ટોરન્ટ
ગુજરાતી
ચાઇનીઝ
પંજાબી
સાઉથ ઇન્ડીયન
પેસેફિક સ્ટાર , શોપ નં. ૧૭/૨૦,પેટ્રોલપંપની સામે,
૮૦ ફુટ રોડ, રેલનગર-રાજકોટ.

KAFF
Haier
BOSCH
ચીમની માર્ટ
Crompton
ROBAM
elica
Helton
90 8181 0930 - 98255 53854
મવડી મેઈન રોડ, ગણેશ જ્વેલર્સની બાજુમાં, બાપાસિતારામ ચોક, રાજકોટ.
ઓપેરા કોમ્પ્લેક્ષ, કોટારીયા ગામના ગેઇટની સામે, કોઠારીયા મેઈન રોડ, રાજકોટ.

Kishan Patel
Mo.95120 01108
The Taste of Satisfaction
Aashutosh
Kothi ice cream
RADHESREE
SHRIKHAND
aasutosh_kothi_icecream
radhesree._shrikhand
G1, Maa Durga Complex, Sadhu Vaswani Kunj Road, Under Pulse Hospital, Railnanag, Rajkot.

આપણી ભૂમિ... આપણુ સ્વાભિમાન...
સૌરાષ્ટ્ર ફર્સ્ટ
સાપ્તાહિક પેપર
Dt 23-09-2025 Tuesday


# નવરાત્રિના આરંભે શક્તિપીઠ પાવાગઢમાં શ્રદ્ધાળુઓનો મહાસાગર છલકાયો



ગોધરા,

સુપ્રસિદ્ધ યાત્રાધામ તેમજ શક્તિપીઠ પાવાગઢ ખાતે આસો નવરાત્રીના આગલા દિવસે ભાદરવી અમાસના રોજ દોઢ લાખ ઉપરાંત માઈ ભક્તો માતાજી ના દર્શનાર્થે ઉમટી પડી માતાજીના ચરણ માં શીશ ઝુકાવી ધન્ય બન્યા હતા.૫૧, શક્તિપીઠ પૈકીની એક શક્તિપીઠ પંચમહાલ જિલ્લાના યાત્રાધામ પાવાગઢ ડુંગર પર બિરાજમાન જગતજનની શ્રી મહાકાળી માતાજી છે. સુપ્રસિદ્ધ યાત્રાધામ તેમજ શક્તિપીઠ પાવાગઢ ખાતે ગત મધ્યરાત્રી બાદ ડુંગર પર કુદરતી આફતના વાદળો મંડાયા હતા રવિવાર ના રોજ આસો નવરાત્રિના આગલા દિવસે માતાજીના દર્શનાર્થે શનિવારની મધ્યરાત્રીથી ભક્તો માટી સંખ્યામાં પાવાગઢ ને જોડતા તમામ માર્ગો પર ભક્તોનો સૈલાબ જોવા મળતો હતો. ચારે કોર પગપાળા યાત્રાળુઓ ના કારણે જય માતાજી ના ભારે જયઘોષ સંભળાતા હતા. મધ્યરાત્રીથી મંદિર પરિષદ તેમજ મંદિરના પગથિયા પર ભક્તોની ભારે ભીડ નિજ મંદિરના દ્વાર ખુલે તેની પ્રતીક્ષામાં કલાકો સુધી પ્રતીક્ષા કરતા ભક્તો જોવા મળ્યા હતા.જ્યારે વહેલી સવારે ૪.૩૦ કલાકે માતાજીના મંદિર ના નિજદ્વાર ખુલ્લા મુક્તા ભક્તો દ્વારા જય માતાજી ના ભારે જયઘોષ થતા મંદિર પરિષદ ગુંજી ઉઠ્યું હતું. અને માતાજીના ચરણમાં શીશ નમાવી ધન્ય બન્યા હતા.સુપ્રસિદ્ધ યાત્રાધામ તેમજ શક્તિપીઠ પાવાગઢ ખાતે ગત મધ્યરાત્રી બાદ ડુંગર પર કુદરતી આફતના વાદળો મંડાયા હતા. જોત જોતામાં ડુંગર પર ભારે વીજળીના કડાકા ને ભડાકા તેમજ ભારે પવન સાથે મુશળધાર વરસાદ ખાબકતા યાત્રાળુઓ ભયભીત થઈ ઉઠ્યા હતા.

જોકે મંદિર ટ્રસ્ટ દ્વારા દુધિયા તળાવ ની ઉપર આવેલ શક્તિ દ્વાર પાસે મંદિર ટ્રસ્ટ દ્વારા સંચાલિત અન્નક્ષેત્ર તેમજ વિશ્રામ ગૃહ માં ભક્તોને કુદરતી આફત થી બચવા આશ્રય આપવામાં આવ્યો હતો.

સાયબર ગઠિયાઓનો આતંક યથાવત

# તમારું પાકિસ્તાન સાથે કનેક્શન છે તેમ કહી શિક્ષિકાને ધમકાવી ૩૦ લાખ પડાવ્યા



ગાંધીનગર,

હાલમાં સાયબર ગઠિયાઓનો તરખાટ વધી રહ્યો છે ત્યારે ગાંધીનગર જિલ્લાના કલોલમાં રહેતા મહિલા શિક્ષિકાને સીબીઆઈ ઓફિસરની ઓળખ આપીને સાયબર ગઠિયાઓ દ્વારા તબક્કાવાર ૩૦ લાખ રૂપિયા પડાવી લેવામાં આવ્યા હોવાની ઘટના બહાર આવી છે. જે મામલે ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.સમગ્ર દેશમાં હાલ સાયબર ગઠિયાઓનો તરખાટ વધી રહ્યો છે ત્યારે ખાસ કરીને મહિલાઓ અને વૃદ્ધોને ડિજિટલ એરેસ્ટ કરીને આ ગઠિયાઓ દ્વારા ધાક ધમકી આપીને લાખો કરોડો રૂપિયા પડાવવામાં આવી રહ્યા છે ત્યારે ફરી વખત ગાંધીનગર જિલ્લામાં આ ટોળકીએ વધુ એક મહિલા શિક્ષિકાને ભોગ બનાવ્યો છે.જે ઘટના અંગે મળતી વિગતો પ્રમાણે કલોલમાં રહેતા અને ખાનગી શાળામાં શિક્ષિકા તરીકે કામ કરતા મહિલાને ગત ૪ એપ્રિલના રોજ તેમના મોબાઈલ ઉપર વોટ્સએપ વિડીયો કોલ આવ્યો હતો અને કોલ કરનારે પોતાનું નામ મોહિત શર્મા જણાવ્યું હતું અને સીબીઆઈ ઓફિસર તરીકેની ઓળખ આપી હતી. જેણે આ શિક્ષિકાને કહ્યું હતું કે તમારું પાકિસ્તાન સાથે કનેક્શન છે ત્યારબાદ ધમકાવી હતી અને જો આગળ કાર્યવાહી ના કરવી હોય તો ૧૮,૦૦૦ની માંગણી કરી હતી. જે ટ્રાન્સફર કર્યા હતા.સીબીઆઈ ઓફિસરની ઓળખ આપીને નેટ બેન્કિંગ ચાલુ કરાવી તબક્કાવાર રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા ત્યારબાદ મોહિત શર્માએ અન્ય બે વ્યક્તિઓનો પરિચય કરાવ્યો હતો જેમાં એક દેવાંશીશ મિશ્રા જે એસબીઆઇ બેન્કમાં ચીફ જનરલ મેનેજર હોવાનું કહ્યું હતું અને ત્યારબાદ સેન્ટ્રલ બેન્કના મેનેજર તરીકે પણ અન્ય એક વ્યક્તિએ ઓળખ આપી હતી.જેમણે દિવસમાં સતત ૧૦ થી ૧૫ વખત વોટ્સએપ કોલ કરીને તેમની સમગ્ર વિગત મેળવી લીધી હતી. આ સાયબર ટોળકી દ્વારા શિક્ષિકાની માતાનું બેન્ક ખાતાનું ઓનલાઈન નેટબેન્કિંગ ચાલુ કરાવીને તેનો એક્સેસ મેળવી લીધો હતો અને શિક્ષિકાને વિશ્વાસ અપાવ્યો હતો કે તમારા રૂપિયા બમણા થઈને સરકાર પરત કરી દેશે. આમ તબક્કાવાર કુલ ૨૯.૯૦ લાખ રૂપિયા જુદાજુદા બેંક ખાતાઓમાં જમા કરાવડાવ્યા હતા. જોકે તેમને રૂપિયા પરત મળ્યા ન હતા અને ત્યારબાદ સગા સંબંધીઓને આ સંદર્ભે વાત કરતા તેમની સાથે સાયબર ળોડ કરવામાં આવ્યો હોવાનું બહાર આવતા સાયબર હેલ્પલાઈનમાં ફરિયાદ આપી હતી અને ત્યારબાદ હાલ ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરવામાં આવી છે

# નવરાત્રિને લઈ DGP વિકાસ સહાયે વિડિઓ કોન્ફરન્સ કરી




અમદાવાદ,

ગુજરાતમાં નવરાત્રિના તહેવારને ધ્યાનમાં રાખીને, રાજ્યના પોલીસ વડા (DGP) વિકાસ સહાયે સુરક્ષા અને બંદોબસ્તની સમીક્ષા માટે તમામ જિલ્લા પોલીસ વડાઓ, પોલીસ કમિશનરો અને રેન્જ IG સાથે એક મહત્વની વિડીયો કોન્ફરન્સ યોજી. આ બેઠકનો મુખ્ય હેતુ નવરાત્રિના આયોજન, કડક પોલીસ બંદોબસ્ત અને નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો હતો.

DGPyu આ બેઠકમાં કેટલીક મહત્વપૂર્ણ સૂચનાઓ આપી હતી. જેમાં નવરાત્રિ દરમિયાન રાત્રિના સમયે ગરબાના સ્થળો અને આસપાસના વિસ્તારોમાં પેટ્રોલિંગ વધારવાની સૂચના આપવામાં આવી. મહિલાઓની સુરક્ષા માટે કાર્યરત શી ટીમને વધુ સક્રિય અને સતર્ક રહેવા માટે ભાર મૂકવામાં આવ્યો. નવરાત્રિ દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ દ્વારા સલામત નવરાત્રિ ડ્રાઈવ ચલાવવામાં આવશે. આ ઉપરાંત, ગ્રામ્ય પોલીસ અધિક્ષક (SP) ઓમ પ્રકાશ જાટે પણ નવરાત્રિની તૈયારીઓ અંગે પ્રેસ કોન્ફરન્સ યોજીને માહિતી આપી. તેમણે જણાવ્યું કે ગ્રામ્ય પોલીસ દ્વારા નવરાત્રિ માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે અને તહેવાર દરમિયાન પોલીસ ખડેપગે રહેશે.

ગ્રામ્ય વિસ્તારમાં ૭૯૨ સ્થળોએ ગરબાનું આયોજન છે. જેમાં ૨૧ જાહેર કોમર્શિયલ ગરબા, ૩૨ જાહેર પબ્લિક નવરાત્રી અને બાકીના ગ્રામ્ય ગરબાનો સમાવેશ થાય છે. આ તમામ સ્થળોએ સુરક્ષા જાળવવા માટે પોલીસ અને હોમ ગાર્ડ સહિત કુલ ૧,૭૦૦ કર્મચારીઓ તૈનાત રહેશે. સુરક્ષા વ્યવસ્થાની દેખરેખ માટે ૪ DySP, 20 PI અને ૩૧ PSI ફરજ પર રહેશે. મહિલાઓની સુરક્ષાને પ્રાથમિકતા આપતા, ગરબાના સ્થળોએ શી ટીમ અને હેલ્પ ડેસ્ક ઊભા કરવામાં આવશે.

લોકોને તાત્કાલિક મદદ મળી રહે તે માટે પોલીસ અધિકારીઓના નંબર સાથેના બેનરો પણ લગાવવામાં આવશે. ૧૧૨ પોલીસ વાન અને જિલ્લાની તમામ પોલીસ કાર સતત પેટ્રોલિંગમાં રહેશે. અંધારાવાળા વિસ્તારો (બ્લેક સ્પોટ) અને વધુ ટ્રાફિકવાળા સ્થળો પર પણ ખાસ ધ્યાન આપવામાં આવશે. સાયબર ટીમ પણ સોશિયલ મીડિયા પર ધાર્મિક ટીકા-ટિપ્પણીઓ પર નજર રાખશે. આ વર્ષે સુરક્ષા વ્યવસ્થામાં એક ખાસ આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લામાં આયોજિત ૭૦ જેટલા મોટા ગરબાના આયોજકો અને સિક્યોરિટી કંપનીઓ સાથે મળીને પોલીસ, મેડિકલ અને ફાયર વિભાગની ટીમો મોક ડ્રિલ કરશે. આ મોક ડ્રિલનો હેતુ આકસ્મિક પરિસ્થિતિઓ જેવી કે પાવર કટ, આગ, મેડિકલ ઈમર્જન્સી અથવા ભીડમાં કોઈ પડી જાય તેવી પરિસ્થિતિમાં શું કરવું તેની તાલીમ આપવાનો છે.તાલીમમાં CPR (કાર્ડિયોપલ્મોનરી રિસસિટેશન) જેવી મેડિકલ તાલીમ, રસ્તો ખુલ્લો રાખવાની તાલીમ અને પાવર કટ થાય તો રેડિયમ ડાયરેક્શનની વ્યવસ્થા જેવી બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. SPએ અંતમાં ખાતરી આપી કે ગ્રામ્ય પોલીસ નવરાત્રિને સુરક્ષિત બનાવવા માટે કટિબદ્ધ છે અને લોકો નિર્ભય થઈને આ તહેવારની ઉજવણી કરી શકે છે.

ઉગમ ફેશન
મેન્સ વેર
UGAM FASHION MEN'S WEAR
હિરેનભાઈ એન. કણજારીયા
માં કોમ્પ્લેક્ષ, શોપ નં.૨૫, પલ્સ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ, સાધુવાસવાણી કુંજ રોડ, રેલનગર, રાજકોટ.
ugamfashion_rajkot
SCAN FOR LOCATION

ઉગમ ફેશન
મેન્સ વેર
UGAM FASHION MEN'S WEAR
હિરેનભાઈ એન. કણજારીયા : મો.૮૧૪૦૭ ૮૫૮૮૫
માં કોમ્પ્લેક્ષ, શોપ નં.૨૫, પલ્સ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ, સાધુવાસવાણી કુંજ રોડ, રેલનગર, રાજકોટ.
ugamfashion_rajkot
SCAN FOR LOCATION

ભાવેશભાઈ એન. પારેખ Mo.9374160409
નિલ એચ. પારેખ Mo.6353230516
શ્રી હરિકૃષ્ણ જ્વેલર્સ
સોના-ચાંદીના દાગીના નો અદ્યતન શો-રૂમ
દુકાન નં.૪, ''શ્યામા સ્કાય લાઇફ બિલ્ડીંગ'', કોપર ગ્રીન સીટીની બાજુમાં, ફાયર બ્રિગેડની આગળ, ૮૦ ફુટ રોડ, ન્યુ રેલ નગર, રાજકોટ.
shriharikrushnajewellers9160@gmail.com

REG/RAJ/SE (SH) 41443/19
શ્રી Drashti
ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી.
✓ દૈનિક બચત
✓ માસીક બચત
✓ ફિક્સ ડિપોઝીટ
✓ શેર સભાસદ લોન
✓ મોર્ગેજ લોન
શોપ નં.૧૦૨, સનસાઇન કોમ્પ્લેક્ષ, બોલબાલા મેઈન રોડ, અમરનાથ ચોક, રાજકોટ.

બાલાજી DJ
રાજકોટ
માતાજીના માંડવા
સંતવાણી
ડિસ્કો ડાંડીયા
ફુલેકુ
વરઘોડો
બર્થડે પાર્ટી
લાઇવ ફંકશન
રીસેપ્શન
વગેરે જેવા પ્રોગ્રામ કરી આપીશું

Mo.8000031326
CUT Hair Studio
મેમ્બરશીપ મેળવીને ૩૦% સુધીનો બેનીફીટ તથા ગીફ્ટ કુપનનો પણ લાભ મેળવવા આજે જ મુલાકાત લો.
શોપ નં.૩, ગ્રાઉન્ડ ફ્લોર, ૮૦ ફુટ રેલનગર મેઈન રોડ, ગુલમહોર પ્લાઝા, ભારત પેટ્રોલપંપ ની બાજુમાં રાજકોટ.

Mo.8000031326
કટ હેર સ્ટુડીયો
મેમ્બરશીપ મેળવીને ૩૦% સુધીનો બેનીફીટ તથા ગીફ્ટ કુપનનો પણ લાભ મેળવવા આજે જ મુલાકાત લો.
શોપ નં.૩, ગ્રાઉન્ડ ફ્લોર, ૮૦ ફુટ રેલનગર મેઈન રોડ, ગુલમહોર પ્લાઝા, ભારત પેટ્રોલપંપ ની બાજુમાં રાજકોટ.

79900 77691
Sky Creation
દરેક પ્રકારની દરબારી સાડી, પોશાક, ચોલી, કુર્તી અને જ્વેલરી મળશે.
ઓર્ડર પ્રમાણે કોઈપણ ડિઝાઈન બનાવી આપીશું.
ટ્રેડીશનલ ચણીયાચોલી ફક્ત રૂા.૧૦૦/૧૫૦ માં જ ભાડે મળશે.
૧૧-સમર્પણ પાર્ક-૨, પી એન્ડ બી સ્કુલ પાસે, રેલનગર, રાજકોટ-૩૬૦૦૦૧

# ગુજરાતમાંથી વિદેશ ભણવા જતા વિદ્યાર્થીઓની સંખ્યા ૪૦% ઘટી




અમદાવાદ,

ગુજરાતમાંથી દર વર્ષે અમેરિકા, કેનેડા, યુકે, જર્મની અને ઓસ્ટ્રેલિયા સહિતના દિવસોમાં ઉચ્ચ અભ્યાસ માટે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જતા હોય છે. ત્યારે અમેરિકા સહિતના દેશોમાં જતા વિદ્યાર્થીઓની સંખ્યામાં ૪૦ ટકાનો ઘટાડો નોંધાયો છે.અન્ડર ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટના અભ્યાસ બાદ ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જતા વિદ્યાર્થીઓએ જે યુનિવર્સિટીમાંથી ડિગ્રી મેળવી હોય, ત્યાં માર્કશીટ તેમજ ડિગ્રી વેરિફિકેશન માટે તથા ટ્રાન્સક્રિપ્ટ માટે ઓનલાઈન અરજી કરવાની હોય છે.એપ્રિલ ૨૦૨૫થી ઓગસ્ટ ૨૦૨૫ના પાંચ મહિનાના ગુજરાત યુનિવર્સિટીના વેરિફિકેશનના આંકડા જોઈએ તો ૪૦૬૬ વિદ્યાર્થીઓએ અરજી કરી હતી ગુજરાત યુનિવર્સિટીમાં છેલ્લા બે વર્ષના અરજીઓના આંકડા જોઈએ તો વિદેશ જનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં મોટો ઘટાડો નોંધાયો છે. આંકડા મુજબ એપ્રિલ ૨૦૨૨થી માર્ચ ૨૦૨૩ સુધીમાં કુલ ૧૪,૮૬૪ વિદ્યાર્થીઓએ વેરીફીકેશન અને ટ્રાન્સક્રિપ માટે અરજી કરી હતી. જ્યારે એપ્રિલ ૨૦૨૩થી માર્ચ ૨૦૨૪ સુધીમાં કુલ ૧૮૨૩૭ વિદ્યાર્થીઓએ અરજી કરી હતી. જેની સામે એપ્રિલ ૨૦૨૪થી માર્ચ ૨૦૨૫ સુધીના એક વર્ષમાં ૧૧૦૭૧ વિદ્યાર્થીઓએ અરજી કરી હતી. આમ ૨૦૨૩-૨૪ના ઘટાડો નોંધાયો છે. મહત્ત્વનું છે કે છેલ્લા ૨-૩ ત્રણ વર્ષમાં અમેરિકા અને કેનેડામાં સ્ટુડન્ટ વિઝા નિયમો સહિતના અનેક નિયમો વર્ષની સામે ૨૦૨૪-૨૫માં ૪૦% જેટલો બદલાયા છે અને કેટલેક અંશે કડક પણ થયા છે, જેની અસર વિદેશ જતા વિદ્યાર્થીઓની સંખ્યામાં જોવા મળે છે.આ આંકડા તો માત્ર રાજ્યની સૌથી મોટી અને જૂની એવી ગુજરાત યુનિવર્સિટીના છે, પરંતુ જીટીયુ તેમ જ અન્ય સરકારી સ્ટેટ યુનિવર્સિટીના માર્કશીટ અને ડિગ્રી વેરિફિકેશનના આંકડા જોઈએ તો વધુ ચિત્ર સ્પષ્ટ થઈ શકે. જ્યારે એપ્રિલ ૨૦૨૫થી ઓગસ્ટ ૨૦૨૫ના પાંચ મહિનાના ગુજરાત યુનિવર્સિટીના વેરિફિકેશનના આંકડા જોઈએ તો ૪૦૬૬ વિદ્યાર્થીઓએ અરજી કરી હતી.

Printed, Published and Owned by Parmar Maheshbhai Tulsibhai and Printed at Gujarat Garjana Offset, B/13, Shri Sainath Ind. Estate, Nr. G.D. High School, B/h. Kubereshwar Mahadev Saijpur Bogha, Naroda Ahmedabad-382345. and Published from Block No. 8 Quarter No. 582, 150 Feet Road, Rmc Aawas Yojana Quarters, Nana Mawa Chokadi, Rajkot, Gujarat - 360004 Editor :- Parmar Maheshbhai Tulsibhai